# આપણે પ્રભુ ઈસુનો જન્મ ઉજવીએ

**પ્રાર્થના :** આકાશમાંના પ્રિય બાપ, તમારા પુત્ર પ્રભુ ઈસુ મારફતે તમે અમને તમારી મહાન અને પ્રેમાળ હાજરી આપી છે તેને માટે અમે તમારો આભાર માનીએ છીએ.


તમારી યોજના અને રસમોને સુસંગત **પ્રવૃત્તિઓ પસંદ કરો.**

**૧. પ્રભુ ઈસુના જન્મદિનું ગીત ગાઓ.**

નાતાલ પ્રસંગે ઘણા વિશ્વાસીઓ પોતાના મિત્રોના ઘરના બારણા આગળ નાતાલ ગીતો ગાતા હોય છે.

**૨. ગભાણમાં સૂતેલા બાળ ઈસુના ચિત્રની કોપી કરો અને રંગ પૂરો**

- ઈસુની પહેલી પથારી ગભાણ હતી. જે ખોખામાં ઢોર કે બકરા માટે ઘાસ ભરવામાં આવે છે તેમાં બાળ ઈસુને લપેટીને સૂવાડવામાં આવ્યા હતા.



- નાતાલ ઉજવણીની સભામાં બાળકોને આ ચિત્રો રજુ કરવા દો.
- પ્રભુ ઈસુ કેવા ગરીબીના સ્થળે જન્મ પામ્યા તે આ ગભાણ સૂચવે છે તે સમજાવવાનું બાળકોને કહો. લોકો હજુ તેને દેવના દીકરા તરીકે ઓળખવા માંગતા નથી.

**૩. લુક ૧ :૨૬-૩૮ અને ૨ :૧-૨૦ પ્રમાણે પ્રભુ ઈસુના જન્મની વાર્તા બાળકોને કહો.**

- કોઈ મોટો છોકરો કે શિક્ષક દેવના દીકરા પ્રભુ ઈસુના જન્મની વાર્તા વાંચે.
- હવે સમજાવો કે દેવના દીકરાએ કોઈ રાજાના મહેલમાં નહીં પણ જ્યાં પશુઓ રાખવામાં આવે છે તેવી ગભાણમાં જન્મ લીધો.

**પ્રશ્નો :** વાર્તા કહ્યા પછી આ પ્રશ્નો પૂછો જવાબો સાથે આપેલા છે.

- મરિયમે જ્યારે દૂતને જોયો ત્યારે તેને કેવી લાગણી થઈ ? લુક. ૧ :૨૯
- દૂતે ખ્રિસ્ત વિષે કઈ પ્રતિજ્ઞાઓ આપી ? લુક ૧ :૩૨-૩૩
- મરિયમે દૂતના સંદેશાનો કેવો પ્રત્યુત્તર આપ્યો ? લુક. ૧ :૩૮
- મરિયમ અને યુસફને બેથલેહેમ શા માટે જવાનું હતું ? લુક. ૨ :૧-૩
  (રોમન સમ્રાટે બધા લોકોને વસ્તી ગણતરી માટે પોતાના જન્મસ્થળે જવા માટે હુકમ કર્યો હતો.)
- મરિયમે નવા જન્મેલા બાળકને ક્યાં મૂક્યો હતો ? લુક. ૨:૭
- તે રાતે ભરવાડો શા માટે બીધા ? લુક ૨ :૮-૧૦
- ભરવાડોને ક્યું બાળક ઈસુ છે તે કેવી રીતે ખબર પડી ? **લુક ૨ :૧૧-૧૨**
- ઈસુને જોયા પછી ભરવાડોએ શું કર્યું ? લુક. ૨ :૨૦

**૪. બાળકોને સભાજનો માટે ખ્રિસ્ત જન્મનું નાટક કરવા દો.**

ભજનસેવાના આગેવાન સાથે આ નાટક રજુ કરવાની ગોઠવણ કરો જો શક્ય હોય તો કેટલાક અઠવાડીયા પહેલાંથી તૈયારી કરો.

- જો સમય ઓછો હોય તો ઓછા મહત્વના સંવાદો કાઢી નાખો.
- જો બાળકો ઓછા હોય તો સભાજનોમાંથી અથવા પડોશના બાળકોમાંથી પાત્રો લો.
- સ્થાનિક રસમો અને જરૂર પ્રમાણે નાટકની બાબતોમાં ફેરફાર કરો.

**શિક્ષકો અને મોટા બાળકો માટે તૈયારી :**

- **ઉદ્‌ઘોષક** વાર્તાનું સંક્ષેપીકરણ કરે અને બાળકોને સંવાદો અને અભિનય યાદ રાખવામાં મદદ કરે.
- **મરિયમ હાથમાં ઈસુ** તરીકે ઢીંગલી રાખે. તેને કપડામાં વીંટાળવી.
- **ગાબ્રિએલ દૂત** જો શકય બને તો સફેદ ઝભ્ભો પહેરે અથવા સફેદ ચાદર ઓઢે.

**નાના બાળકો માટે તૈયારી :**

- ધર્મશાળાનો માલિક, ગભાણની ગાયો, ભરવાડો અને તેમના ઘેટાં.
- ભરવાડોએ હાથમાં લાંબી લાકડી રાખવી.
- એક મોટા ખોખામાં સૂકુ ઘાસ ભરવું તેમાં ઈસુને સૂવાડવા.

**વાર્તાનો પ્રથમ ભાગ (મરિયમ અને ગાબ્રિએલ દૂત)**

**ઉદ્‌ઘોષક** : લુક ૧ :૨૬-૨૮માંથી વાર્તા વાંચે અથવા મોઢે કહે પછી બોલે. સાંભળો, ગાબ્રિએલ દૂત શું કહે છે.

**ગાબ્રિએલ** : (મોટેથી બોલે) મરિયમ ! કુશળ રહે ભયભીત ન બન તને એક દીકરો થશે, તેનું નામ તું ઈસુ પાડીશ તે પરાત્પર ઈશ્વરનો દીકરો છે અને તે રાજા થશે.

**મરિયમ** : પણ મારે પતિ નથી.

**ગાબ્રિએલ** : તને દીકરો દેવથી જન્મશે.

**મરિયમ** : હું દેવની દાસી છુ. તમારા કહ્યા મુજબ કરીશ.

**ભાગ - ૨ (મરિયમ, યુસફ, ભરવાડો, ધર્મશાળાનો માલિક, ઢોર)**

**ઉદ્‌ઘોષક** : લુક ૨ : ૧-૭ માંથી વાંચે અથવા મોઢે બોલે. પછી કહે, યુસફ શું કહે છે તે સાંભળો.

**યુસફ** : મરિયમ, આપણે બેથલેહેમ નામ નોંધવવા જવું જોઈએ. સમ્રાટે વસ્તી ગણતરીનો હુકમ કર્યો છે.

**મરિયમ** : પણ બાળક હવે જન્મવાની તૈયારી છે.

**યુસફ** : મરિયમનો હાથ પકડે છે અને તેને બાજુમાં દોરી જાય છે.

**મરિયમ** : યુસફ ઉતાવળ કરો, બાળક હવે આવી રહ્યું છે. જૂઓ, સામે ધર્મશાળા છે.

**યુસફ** : જ્યાં ધર્મશાળાનો માલિક ઊભો છે ત્યાં જાય છે અને બારણું ખખડાવવાનો અભિનય કરે છે. 'ખટ, ખટ ખટ' તે બૂમ પાડે છે. ''ધર્મશાળાના માલિક, શું એક રૂમ ખાલી મળશે ?''

**ધર્મશાળાના માલિક** : ના, પણ તમે ગાયોની ગભાણમાં જગા છે ત્યાં સૂઈ શકો છો.

**યુસફ** : મરિયમનો હાથ પકડીને ગભાણમાં દોરી જાય છે.

**ઢોર અને ઘેટા** : (બાળકોએ ઘુટણીએ ચાલવું) મરિયમની આજુબાજુ આવી જાય છે અને ગાય તેમજ ઘેટાંનો અવાજ કરે.

**મરિયમ** : ઢીંગલીને કપડામાં વિંટાળે છે ખોખામાં મૂકે છે અને આનંદથી બોલી ઉઠે છે ''ઈસુ જન્મ્યો છે.''

**ત્રીજો ભાગ (ઘેટાંપાળકો અને ઘેટાં)**

**ઉદ્દઘોષક :** લુક ૨ :૮-૨૦ વાંચી અથવા કહી જાય . પછી બોલે ''ભરવાડો શું કહે છે તે સાંભળો.''

**ત્રણ ભરવાડો બોલે :** ''આજે ઠંડી રાત છે'' ''તારા બહુ ચમકે છે'' ''ઘેટાં પણ શાંત છે.''

**ઘેટાં :** ભરવાડોની આજુબાજુ ઘૂટણો પર વીંટળાઈ વળે - ઘેટાંનો અવાજ કાઢે એવામાં દૂતો દેખાય ભરવાડો જમીન પર ઊંધા પડી જાય અને બી જાય.

**દૂતો બોલે :** ભરવાડો, બીશો નહિ. અમે તમારા માટે સારા સમાચાર લાવ્યા છીએ એક બાળક જન્મ્યો છે તે ખ્રિસ્ત પ્રભુ છે. તમે તેને બેથલેહેમની એક ગભાણમાં કપડામાં લપેટેલો સૂતેલો જોશો.

**ભરવાડ આગેવાન :** 'ચાલો આપણે જોઈએ, જલ્દી !'

**ભરવાડો :** દોડીને જ્યાં ઈસુ હતો ત્યાં પહોંચે છે. તેને ગભાણમાં સૂતેલો જૂએ છેઅને ઘૂંટણે પડે છે.થોડીવાર પછી ઊભા થાય છે.

**ભરવાડ આગેવાન :** પ્રભુની સ્તુતિ થાઓ. તેનો અભિષિકત ખ્રિસ્ત જન્મ્યો છે. દેવ આપણી સાથે છે.

**ઉદ્દઘોષક :** નાટક પૂરુ થયાની જાહેરાત કરે અને નાટકમાં ભાગ લેનાર નાના મોટા સર્વનો આભાર માને.

બાળકોને ભાગ - ૨ માં આપેલા **પ્રશ્નો** સભામાં પૂછવા દો.

લુક ૨ :૧૪ **મુખપાઠ કરો.**

લુક ૧ :૪૬-૫૫ માંથી મરિયમની પ્રાર્થનામાંથી કલમો ત્રણ બાળકો બોલી જાય. આ પ્રાર્થનાના બધા ભાગ બાળકો તમારી પાછળ બોલે

પરમ ઊંચામાં દેવને મહિમા થાઓ' (બાળકો પાછળ પાછળ બોલે)

તમારો પુત્ર અમને આપવા માટે અમે પ્રભુ તમારી સ્તુતિ કરીએ છીએ. (બાળકો પાછળ બોલે)

તમે તમારા પુત્રને વૈભવી રાજમહેલ આપ્યો નહિ. (બાળકો પાછળ બોલે)

તમે તેને ગરીબો અને તજાએલા પાસે મોકલ્યો (બાળકો પાછળ બોલે)

તમે તેને અમારા તમામ પાપ અને દુઃખથી તારવા મોકલ્યો (બાળકો પાછળ બોલે)

અમે દૂતો અને ભરવાડોની જેમ તેમનો જન્મ આનંદથી ઉજવીએ છીએ (બાળકો પાછળ બોલે)

ઈસુના નામમાં, આમેન (બાળકો પાછળ બોલે)

Copyright © 2004 by Paul- Timothy. May be freely copied.
Download from www. Paul-Timonthy.net